| | | | |
|---|---|---|---|
| GJSR010030052026 | રજૂ તારીખ | : | ૦૬.૦૩.૨૦૨૬ |
| | દાખલ તારીખ | : | ૦૬.૦૩.૨૦૨૬ |
| | ફેંસલ તારીખ | : | ૧૧.૦૩.૨૦૨૬ |
| | અવધિ | : | વર્ષ માસ દિવસ |
| | | | ૦ ૦ ૦૫ |

આંક–..........

**મહેરબાન સુરતના બીજા અધિક એડીશનલ ડિસ્ટ્રિકટ એન્ડ સેશન્સ જજ સાહેબ,સુરત.**

**ક્રિમી.આગો.જામીન અ.નં. ૧૬૭૦/૨૦૨૬**

**અરજદાર/આરોપીઃ ઐયુબખાન લાલખાન પઠાણ.**
ઉ.વ.૪૦, ધંધો-મજુરી,
રહે-પ્લોટ નં.૩,૪,૫, પ્લોટ નં.૭૨, ૧૪-સી,
મ્યુનિસિપલ ટેનામેન્ટ પાછળ, માનદરવાજા, રેલ
રાહત કોલોનીની સામે, રીંગરોડ, સુરત.

**વિરૂધ્ધ**

સામાવાળાઃ ધી સ્ટેટ ઓફ ગુજરાત.

**વિષયઃ– બી.એન.એસ.૨૦૨૩ની કલમ–૪૮૨ અન્વયે આગોતરા જામીન મેળવવાની અરજી...**

અરજદાર/આરોપી તરફે વિ.વકીલશ્રી ડી.સી.શાહ.
સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી એન.એલ.સુખડવાલા.

## <u>ચૂકાદો</u>

(૧) અરજદાર–આરોપીની સુરત શહેર રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ–સી.ગુના રજિ.નં.૧૧૨૧૨૦૫૧૨૬૦૩૧૪/૨૦૨૬ ના પ્રોહી. એકટની કલમ–૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાના કામે પોલીસ ધરપકડ કરે ત્યારે જામીન ઉપર મુકત થવા માટે સબબ બી.એન.એસ.ની કલમ–૪૮૨ અન્વયે હાલની આગોતરા જામીન અરજી કરેલી છે.

૨) અરજદાર/આરોપી તર્ફે વિ.વ.શ્રીએ રજુઆત કરતાં જણાવેલ છે કે, સદરહું કામમાં એફ.આઈ.આર. જોવામાં આવે તો હાલના અરજદાર/આરોપીનું આરોપી તરીકે નામ દર્શાવવામાં આવેલ છે અને અન્ય આરોપીઓનાં નિવેદનથી હાલના અરજદાર/આરોપીનું નામ ખુલેલ છે. સદર ગુનાના અન્ય આરોપીઓ જયુડી.કસ્ટડીમાં છે અને સદર ગુનાના અન્ય આરોપી જામીન ઉપર મુકત છે. અરજદાર/આરોપીએ કહેવાતો કોઇ પણ જાતનો ગુનો કરેલ નથી, એકદમ નિર્દોષ છે અને કહેવાતા બનાવમાં સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા નથી. સદર કામે આક્ષેપિત કલમો અન્વયે ટ્રાયલ ચલાવવાની સંપુર્ણ સત્તા વિ.મેજિ.શ્રીની કોર્ટને છે તેમજ સદર કેસમાં ટ્રાયલ ચાલીને આખરી નિકાલ થતાં ધણો લાંબો સમય નીકળી જાય તેમ છે અને તે સંજોગોમાં

અરજદાર/આરોપીને પ્રિટ્રાયલ પનીશમેન્ટ મળે તેમ છે. અરજદાર/ આરોપીનો ગુનાહિત ઈતિહાસ નથી અને સુરતના સ્થાનિક રહેવાસી છે. તેથી અરજીની તમામ હકીકતો ધ્યાને લઇ અરજદાર/આરોપીને આગતોરા જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

વધુમાં અરજદાર/આરોપીના વિ.વ.શ્રી આંક-૩ ના લિસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે જે ધ્યાને લેવા રજૂઆત કરેલ છે.

૩) સદર કામે સરકાર તરફે વાંધા અભિપ્રાય આંક-૪ થી રજુ થયેલ છે તેમજ વિ.ડી.જી.પી.શ્રીએ દલીલ કરી અરજી સામે વાંધો લઈ જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી તથા સદર ગુનામાં પકડાયેલ મહિલા આરોપીઓ તથા કાયદાના સંધર્ષમાં આવેલ બાળકિશોરનાઓએ ગુરા પરમીટે રેલ્વે ટ્રેનમાં પ્રોહી એરીયામાં વગર પાસ ઇંગ્લીશ દારૂની ભારતીય બનાવટનો વિદેશી બિયરના ટીન/બોટલો, પાઉચો પોતાના કબજામાં રાખી આયાત કરતા પકડાઇ જઇ તેમજ વોન્ટેડ આરોપીઓએ નાસી જઈ ગુનો કરેલ હોય તેમજ અરજદાર/ આરોપીએ આરોપી હિરેન નામના આરોપી પાસેથી સદર ગુનાનો દારૂનો જથ્થો મંગાવેલ હોય જેથી અરજદાર/આરોપી સદર ગુનામાં અટક કરવાનો બાકી હોય અને ચોકકસ સ્થાનિક રહેણાંક ધરાવતાં નહીં હોય જેથી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી તે પોતાની ગુનાહિત પ્રવૃત્તિ ચાલુ રાખે તેવી શકયતાને નકારી શકાય

તેમ નથી. જેથી ન્યાયના હિતમાં અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત કરવાની અરજી નામંજૂર કરવા રજુઆત કરેલ છે.

૪) પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. જામીન અરજી, તે સાથેના દસ્તાવેજો, તપાસ કરનાર અધિકારીનો અભિપ્રાય તથા તપાસના કાગળો વંચાણે લીધા.

૫) પોલીસ પેપર્સ ધ્યાને લેતાં જણાય છે કે, હાલના અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓએ એકબીજાની મદદગારીમાં આ ગુનાને અંજામ આપેલ છે. હાલના અરજદાર/આરોપીની હાજરીથી તપાસ આગળ વધી શકે તેમ છે અને કેસનાં મુળ સુધી પહોંચી શકાય તેમ છે. હાલના અરજદાર/આરોપીની ઓળખ બાબતે તથા મુદ્દામાલ કેવી રીતે અને કોના માધ્યમથી લાવેલ અને કોને આપવાનો હતો તે બાબતે તપાસ કરવાની થાય છે તે આરોપીની હાજરીથી થઇ શકે તેમ છે એટલે કે આરોપીની કસ્ટોડીયલ ઈન્ટ્રોગેશનની જરૂર જણાય છે. આમ, અરજદારની રજુઆતો માની શકાય તેવી નથી. જેથી અરજદાર/ આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવા યોગ્ય અને ન્યાયોચિત્ત જણાતું ન હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:-- <u>હુકમ</u> :--**

અરજદાર/આરોપી– **ઐયુબખાન લાલખાન પઠાણ**, રહેવાસી – પ્લોટ

નં.૩,૪,૫, પ્લોટ નં.૭૨, ૧૪–સી, મ્યુનિસિપલ ટેનામેન્ટ પાછળ, માનદરવાજા, રેલ રાહત કોલોનીની સામે, રીંગરોડ, સુરતનાઓને સુરત શહેર રેલ્વે પોલીસ સ્ટેશન પાર્ટ–સી.ગુના રજિ.નં.૧૧૨૧૨૦૫૧૨૬૦૩ ૧૪/૨૦૨૬ ના પ્રોહી. એકટની કલમ–૬૫(ઇ), ૧૧૬(બી), ૮૧ ના કામે અરજદાર/આરોપીની આગોતરા જામીન ઉપર મુકત થવાની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૧૧ મી, માહે–માર્ચ, સને– ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧.૦૩.૨૦૨૬.
સુરત.
KPP

(રાકેશ રજનીકાંત ભટ્ટ)
બીજા અધિક સેશન્સ જજ, સુરત.
Code No. G.J.00608.